સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

મોંઘા મોબાઈલ - બાઈક - 'કાર'થી પુષ્ટિ આપે છે,
સંતાનો ને ભટકવા, વાલી, સ્વપ્ન સૃષ્ટિ આપે છે.
દૃષ્ટિ દેતાં નથી વ્યવહારિક - વિચાર - સત્સંગની,
ઉશ્કેરાટ ને અવિનયની, અતિ-વૃષ્ટિ આપે છે!!
(સંસ્કારનો કારમો દુષ્કાળ)

ત્યાગ - ધીરજ
ને સહનશીલતા -
સાચું શિષ્યત્વ...
(બાળકનો સાચો ગુરુ પિતા)

બનાવે વાલી,
'બાળક' ને 'માણસ'
સાચા સંસ્કારે...
(એક માતા = ૧૦૦ શિક્ષક)

ચિંતન

કહં હિ કબિર પાખંડ તે, બહુતક - જીવ સતાય ।
અનુભવ - ભાવ ન દરસઈ, જિયત ન આપુ લખાય ॥

ઉપરોક્ત સાખી કબીર બીજકગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે પ્રેત વગેરેને પૂજનારા પાખંડી લોકો પોતાને મોટા ઉપાસકો મનાવે છે, છતાં તેઓ બલિદાન દે છે, હિંસા કરે છે. એ લોકોમાં પાપ અને પુણ્યનું યથાર્થ જ્ઞાન જોવામાં આવતું નથી, જેવો પોતાનો આત્મા છે તેવો જ બીજાનો આત્મા છે, એ તો સમજતા નથી, જે રીતે આપણને આપણા પ્રાણ વહાલા છે તે પ્રમાણે અન્ય પ્રાણીને પણ પોતાના પ્રાણ વહાલા છે, એ સમજતા નથી.

જે વાત વેદના નથી તે વાદ વેદમાં છે એવું કહેવું તેને પાખંડ કરેલું કહેવામાં આવે છે. જીવો નો વધ કરવો એ તેમને માટે અત્યંત દુઃખદાયક છે. સર્વનો આત્મા આપણા સમાન છે, એ ન જોવું તે ભાવ ન જોવા બરાબર છે. ભાવ તે છે કે જે, જીવતાજીવત ઘટ-ઘટમાં આત્માનો સાક્ષાત્કાર કરે.

સુવિચાર

- વિદ્વાન અને પંડિતોની આ દુનિયામાં ખોટ નથી, પણ શાણા વ્યક્તિઓની ખોટ જરૂર છે - **હિતોપદેશ**
- લોકોમાં બળ નહિં પણ સંકલ્પશક્તિ જ ખૂટે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મૈત્રીનું ગણિત દિવસોની સંખ્યા કરતા સ્વભાવની ઊંચાઈ પર વધારે આધાર રાખે છે - **ફાધર વાલેસ**
- મૌન વ્યકતવ્ય એ નિખાલસતાની સાચી અભિવ્યક્તિ છે - **ગોલ્ડ સ્મિથ**
- આધિ ને રહેવાની જગ્યા મન, વ્યાધિને તન અને ઉપાધિને રહેવાની જગ્યા તે ધન છે - **જન્મભૂમિ**
- જે રીતે આપણા જગતનું તંત્ર ચાલી રહ્યું છે તે જોતા ઈશ્વરે રાજીનામું આપી દીધું લાગે છે - **તારક મહેતા**
- વધારે પ્રમાણમાં પુણ્ય થાય એટલે તેનું જ પરિણામ 'સિદ્ધિ' - **શ્રી માતાજી**
- આજનું ઔષધ : સરસીયાનું કે તલનું તેલમાં થોડો અજમો નાખી તેલ નવશેકું ગરમ કરી માલિશ કરવાથી સંધિવાના દુઃખાવામાં તરત રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

નાનકસાહેબ હરદ્વાર ગયા હતા. ત્યાં લોકો પંડાની સૂચના મુજબ ઉગમણી દિશા તરફ મોં રાખીને ગંગા નદીમાં ઊભા રહીને પોતાની બાપદાદાઓને અને દિવંગતોને પાણીની અંજલી આપતા હતા.

નાનક સાહેબ થોડું હસ્યા અને ગંગામાં ઊભા રહીને આથમણી દિશા તરફ મોં રાખીને ખોબે ખોબે પાણી નાખવા લાગ્યા. એમને આવી ઊંધી ક્રિયા કરતા જોઈ પંડા ગુસ્સે થયા અને કહ્યું, 'આમ ઊંધા ફરીને અંજલિ આપવાનો શું મતલબ છે?' નાનકે જવાબ આપ્યો, 'મહારાજ, મારા ગામમાં આવેલ ખેતરને પાણી સીંચી રહ્યો છું.'

પંડો બોલ્યો, 'તારા જેવો બેવકૂફ મળવો મુશ્કેલ છે. આમ કંઈ ગામમાં આવેલ ખેતરને પાણી પહોંચશે ખરું??' ત્યારે નાનક સાહેબ જવાબ આપ્યો, 'મહારાજ, તમે તો આ બધા યાત્રાળુના સ્વર્ગસ્થ બાપદાદાઓ ને માટે સ્વર્ગમાં પાણી પહોંચાડી શકો છો તો પછી મારું ખેતર તો અહીં નજીકમાં જ છે, ત્યાં પાણી શા માટે ન પહોંચે ??'

પંડા પૈસા કોઈ જવાબ ન હતો એટલે ચૂપચાપ ચાલતો થયો.

સીબીઆઈ અને અદાલત બેઉ સામે આંગળી ચીંધતો ચુકાદો

તંત્રીસ્થાનેથી...

વર્ષો જૂનો આરુષિ-હેમરાજ હત્યાકાંડ ફરી એક વાર લોકજીભે ચર્ચાનો વિષય બન્યો છે. તલવાર દંપતી દિલ્હીના ભટ્ટ વિસ્તારમાં રહેતાં હતાં, ડેન્ટિસ્ટ તરીકે પ્રખ્યાત હતા, અઢળક કમાતાં હતા અને આરુષિ એમનું એકનું એક સંતાન હતી. આરુષિ માટે જ એનાં માતાપિતાએ જૂનું રહેઠાણ બદલ્યું હતું અને દિલ્હીની સરહદે આવેલા નોઈડા વિસ્તારમાં રહેવા ગયા હતા. આળી લાડકી પુત્રી કદાચ આવેગવશ ઘરના નોકર સાથે મોહમાયામાં લપડાઈ ગઈ હોય તો પણ ભણેલાં, સંસ્કારી માતાપિતા એવું અંતિમવાદી પગલું તો ન જ ભરે જેથી એમની બાંધી મૂઠી ઊઘડી જાય અને વહાલી દીકરી પણ ગુમાવવી પડે. પ્રથમ દૃષ્ટિએ એમ જ લાગે કે કોઈ માતાપિતા પોતાની દીકરીની એબ જાહેર થઈ જાય એવું પગલું ન ભરે. પરંતુ તત્કાળ આક્રોશને કારણે હત્યા કરવાનો ઈરાદ ન હોવા છતાં હત્યા થઈ જાય તે પણ અશક્ય નથી. હૉકી સ્ટીકથી નોકર હેમરાજને ફટકારવા જતાં આરુષિ વચ્ચે પડી હોય અને પ્રેમીને પડનારો ઘા એણે ઝીલી લીધો હોય તેમ પણ બને. પરંતુ મૃતદેહ બંગલાની ટેરેસ પરથી જ મળ્યો, તેથી તલવાર દંપતી સ્વાભાવિક રીતે જ શંકાના દાયરામાં આવી ગયું હતું. શરુઆતમાં આખા કેસ પર ઢાંકપિછોડો કરવાનો પ્રયાસ થયો અને સીબીઆઈએ પણ ક્લોઝર રિપોર્ટ ફાઈલ કરી દીધો. એની સામે ખુદ ડૉ. તલવારે જ વાંધા અરજી મૂકતાં પુનઃ તપાસ શરૂ થઈ, જેમાં સીબીઆઈને તલવાર દંપતીએ જ આ ડબલ મર્ડર કાંડને અંજામ દીધો હોવાનું લાગ્યું હતું. સીબીઆઈ કોર્ટના જજ શ્યામલાલે ફરમાવેલી આજીવન કારાવાસની સજા સબબ છેલ્લાં ત્રણ વર્ષથી જનમટીપની સજા ભોગવી રહેલાં તલવાર દંપતીને અલ્હાબાદ હાઈકોર્ટની બે વરિષ્ઠ ન્યાયમૂર્તિઓની બેચે પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. એટલું જ નહીં પણ નીચલી કોર્ટે કરેલ કાર્યવાહી મુદ્દે ઘણાં ટીકાત્મક નિરીક્ષણો કરીને ન્યાયપ્રક્રિયા જેવા જવાબદારીભર્યા કામમાં કેવી નઘરોળ બેદરકારી દર્શાવાઈ છે અને કાલ્પનિક સાક્ષીઓ ઊભા કરી નિર્દોષ ડૉક્ટર દંપતીને પોતાની જ વહાલસોઈ પુત્રીનાં હત્યારાં ઘોષિત કરી એમની સામાજિક પ્રતિષ્ઠા ખરડાય એવી કોશિશ કરી છે, તેવી નુક્તેચીની પણ કરી છે. તલવાર દંપતીને ગાઝિયાબાદની ડાસના જેલ ખાતે ગોંધી રાખવામાં આવેલાં અને કોઈ પણ ગુના વગર જનમટીપ જેવી આકરી સજા ફરમાવાયેલી જેથી એ માનસિક રીતે તેમજ શારીરિક રીતે પડી ભાંગ્યા હોય તે સ્વાભાવિક છે. જયારે ચુકાદો સાંભળ્યો ત્યારે ડૉ. રાજેશ તલવાર અને ડૉ. નુપૂર તલવારની આંખમાં આંસુ હતા. એમને દીકરી તો ગુમાવી જ, સાથે જ ઈજ્જત પણ ગુમાવી. કમાણી બંધ થઈ ગઈ. જો ખરેખર તલવાર દંપતી કાયદાની રૂપે સીબીઆઈ કોર્ટને ગુનેગાર લાગતું હોય અને હાઈકોર્ટને તદ્દન ખોટી રીતે ફસાવાયેલું લાગતું હોય તો સૌ પ્રથમ તો જન સાધારણને પ્રવર્તમાન ન્યાય પદ્ધતિ જ ખામી ભરેલી લાગશે. ન્યાય તંત્રમં એક સૂત્રતા નહીં હોવાથી જો સીબીઆઈ તલવાર દંપત્તિને કસૂરવાર ઠેરવવા સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે તો બનવાજોગ કે વળી કોઈ નવું જ ઈદમ્ તૃતીયમ્ બહાર આવે. એટલું ચોક્કસ કે તલવાર દંપતી નિર્દોષ હોય તો કોઈક તો દોષિત છે જ, જેણે આરુષિ અને હેમરાજની આયોજનપૂર્વક હત્યા કરી હોય. એ ત્રીજા શંકાસ્પદ ગુનેગારની શોધ જો સીબીઆઈ જેવી દેશની શ્રેષ્ઠ જાસૂસી એજન્સી પણ ન કરી શકી હોય તો એ બાબત ઘણી કમનસીબ જ ગણાશે. ન્યાયપાલિકા અને સીબીઆઈ બેઉ પરથી વિશ્વાસ ઊઠી જાય એવી આ ઘટના છે. સરકાર સીબીઆઈનો પાળેલે પોપટલ જેમ ઉપયોગ કરતી આવી ત્યારે આવા સંવેદનશીલ કિસ્સામાં એનું બેદરકારી ભર્યું વલણ નિંદનીય તો છે જ, સાથે જ અદાલતે વધુ કડક બની નવ ર્ષ લગી આવી જઘન્ય અપરાધની ઘટના પરત્વે લોલેલોલ ચાલ્યું હોય અને એમાં નીચલી કોર્ટે પણ સામેલ થઈ હોય તો એ બેઉની સામે પણ શિક્ષાત્મક પગલાં લેવાં જોઈએ. આરુષિ અને હેમરાજની હત્યાની રાતે ઘરમાં તલવાર દંપતી એકલું જ હતું તો ત્રીજી વ્યક્તિ પ્રગટ કયાંથી થઈ તે પણ સંશોધનનો વિષય તો છે જ.

લેબ ટેસ્ટ માટે દર્દીની હિસ્ટ્રી જરૂરી

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

શણગારબેનને તાવ હતો. અરે ભાઈ તાવ આવે એ લખવાની વસ્તુ છે. અત્યારે તો પરિસ્થિતિ એવી છે કે ૧૦ માણસમાંથી ઓછામાં ઓછા બે માણસને પૂછો તો તાવ અઠવાડિયામાં એકાદ આવે છે એમ કહી જ દેશે. એટલે તમારું કહેવું એમ છે કે, તાવ આવે એ નવાઈ જ નથી? શણગારબેનને ૧૦૪ તાવ હતો. એની બાજુમાં બેઠેલા એટલે કે ખબર કાઢવા આવેલા બે સ્નેહીઓ આ વાત કરતા હતા. આશાબેનને થયું અરે ભાઈ તાવ મને આવ્યો છે. તબિયત મારી ખરાબ છે. તકલીફ મને પડે છે. અને આ લોકો નાહકના આઘીપાછી કરે છે. આશાબહેને કહ્યું- છેલ્લા ચાર દિવસથી ખૂબ જ તાવ આવે છે. માથું દુઃખે છે, પગ દુઃખે છે, ઉલટી થાય, એકી સાથે ચાર ડોક્ટરનો અભિપ્રાય લીધો. અને એ પાછા એમ.ડી. એટલે કે ફીઝીશિયન. પણ સાલુ કાઈ ખબર પડતી નથી. કોઈ દવાની અસર થતી નથી અને મને શું થયું છે એ કોઈ કહેતા નથી. ચાર લેબોરેટરીવાળા પાસે લોહી, પેશાબ અને ઝાડાનો ટેસ્ટ કરાવ્યો. પણ સાલુ કાંઈ જ ખબર પડતી નથી.બે બહેનોમાંથી એક બહેન હૉંશિયાર હતા. આ બે બહેનમાં એટલે કે જે ઉપર તાવની વાત કરતા હતા એમાંનાં એક. એમનું નામ શાક્સીબહેને કહ્યું કે આપણા શહેરમાં એક જ લેબોરેટરી સારી છે કે જેના માણસો અને તેના મશીનો બંને ૨૪ કલાક ૩૬૫ દિવસ એલર્ટ હોય છે અને ચાલુ હોય છે. આશાબહેન બોલ્યા શાક્શીબહેન કઈ સમજાય તેવું બોલો. ૨૪ કલાક ચાલુ હોય એટલે લેબોરેટરી ૨૪ કલાક ચાલુ હોય.

ના એવું નઈ એ લોકો ખૂબ જ મહેનત કરે છે. એમની પાસે સારામાં સારા લોહી અને પેશાબની માપવાની પદ્ધતિ માટે સારા છે. એ લોકો દિલથી કામ કરે છે. પૈસા તો બધા લે પણ આ લોકો લોભીયા નથી. ખાલી પૈસા પોતાના માટે અને ડોક્ટરો માટે નથી લેતા. પણ પૈસા લઈને પણ દર્દીનું કામ સારું કરે છે. હમણાંની જ વાત કરું કે અમારા સેક્ટરમાં એટલે કે સેક્ટર-૨૭માં શાંતાબહેનને તાવ આવેલો. અમારી બાજુમાં જ રહે છે મને બધી ખબર છે. બે – તણ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યા. પણ લોહી પેશાબમાં કંઈ આવતું નથી. પછી આખરે આ ૨૪ કલાક ચાલતી લેબોરેટરીમાં લોહી ટેસ્ટ કરાવ્યો અને સાહેબ આશાબહેન એમાં ફાલસીપેરમ પોઝેટીવ આવ્યો. ભાઈ... આશાબહેન તમારા જેવું જ થતું હતું. માથું દુઃખતું હતું, શરીર તુટતું હતું, ઉલટી થતી હતી. ડોક્ટર પણ એમ જ કહેતા હતા કે મેલેરિયા અથવા વાઈરલ છે. પણ લેબોરેટરીવાળા ના પાડ્યા કરતા હતા. લેબોરેટરીમાં ફાલસીપેરમ પોઝેટીવ આવ્યા પછી ફાલસીપેરમની દવા કરાવી ત્યારે જ શાંતાબહેનને સારું થયું.

એટલે સવાલ મનમાં એ થાય કે લોહી અને પેશાબ તો બધી લેબોરેટરીવાળા ચેક કરતા હોય છે તો દરેક લેબોરેટરીમાં જુદા જુદા રીપોર્ટ કેમ આવે છે. ત્યારે જવાબ આપવાનું મન થાય લોહી ચેક કરવું, એ કાંઈ હૉંશિયારીની બાબત નથી. પણ લેબોરેટરીવાળા દર્દીની હીસ્ટ્રી અને ડોક્ટરની તપાસ એ તણ વસ્તુ ભેગી થાય ત્યારે જ એમાં રસ પેદા થાય અને એ રસ દર્દીને સાચા નિદાન તરફ ખેંચી જાય છે. કહેવાનો મતલબ એ કે લેબોરેટરીને દર્દી તરફથી અને ડોક્ટર તરફથી જો કંઈ હીસ્ટ્રી મળે તો લેબોરેટરીવાળાને ચોક્કસ રસ પડતો હોય છે. કોઈ પણ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા જાવ તો લેબોરેટરીના મુખ્ય ડોક્ટરને મળી તમને થતી તકલીફો ચોક્કસ કહો, તમે ક્યા ડોક્ટરને બતાવવાના છો એમનું નામ અને ટેલીફોન નંબર આપો અને પછી લેબોરેટરીની અને ડોક્ટર બંને જે પ્રમાણે કહે તે પ્રમાણે ટેસ્ટ કરાવો તો તમને ચોક્કસ ટેસ્ટનું નિદાન મળશે.

અનુસંધાન પાના નં. ૭ પર

૨૧મી સદીનો નવો બિઝનેશ : ધર્મ, શ્રદ્ધા - અંધશ્રદ્ધા અને આશ્રમો

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

માનવજાત અસ્તિત્વમાં આવી ત્યારથી આજસુધી એની ઉપર ''ઈશ્વરત્વ''નો પ્રભાવ અકબંધ રહ્યો છે. ઈશારા અને સંકેતોમાંથી માણસ ભાષા અને છેક ઈન્ટરનેટ – મિડીયાના યુગ સુધી પહોંચ્યો પણ તેની ઈશ્વર પ્રત્યેની આ શ્રદ્ધા સહેજેય ઓછી થઈ નથી. એ વ્યક્તિ પછી મંદિરની બહાર ભીખ માગતો ભિક્ષુક હોય કે અમિતાભ બચ્ચન હોય કે રૂ/- ૩૫૧ કરોડનો મોબાઈલ વાપરતા મુકેશ અંબાણીના ધર્મપત્ની શ્રીમતી નીતા અંબાણી હોય – સૌ કોઈ ઈશ્વરને શ્રદ્ધાથી પૂજે છે. જો કે આ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા માત્ર ઈશ્વર સુધી સીમિત રહે ત્યા સુધી કોઈ વાંધો આવતો નથી પણ જ્યારે ઈશ્વરના નામે વ્યક્તિપૂજા કે વ્યક્તિ પ્રત્યેની શ્રદ્ધા કે અંધશ્રદ્ધા વધતી જાય છે ત્યારે ઘર, પરિવાર, સમાજ, અને રાષ્ટ્રમાં મોટી સમસ્યાઓ અને અનિષ્ટો પ્રવર્તે છે.

આપણો ભારતીય સમાજ યુગોથી ધાર્મિક રહ્યો છે. આપણી માનવ સભ્ય સંસ્કૃતિ ધર્મની ગળથૂથી પીને મોટી થઈ છે. વિશ્વમાં કદાચ ભારત એક જ એવો દેશ છે કે જ્યા અનેક ધર્મો અને સંપ્રદાયો વિકસ્યા છે. આ ધર્મો અને સંપ્રદાયો વિકસે એમાંય વાંધો નથી કેમ કે તેઓ પ્રજાને સત્કર્મે વાળે છે. પરંતુ જ્યારે સ્થાનિક વ્યક્તિને ઈશ્વર માનીને વ્યક્તિપૂજા શરું કરી દેવામાં આવે છે ત્યારે સમાજ અને દેશની અધોગતિ શરું થઈ જાય છે. કેમ કે કોઈ વ્યક્તિ ઈશ્વર કેવી રીતે હોઈ શકે? વ્યક્તિ મહાન હોઈ શકે, પ્રજાની સેવા કરી હોય, સહાય કરી હોય, ધર્મની સાચી સમજને કારણે પ્રજાને સાચું માર્ગદર્શન આપ્યું હોય, એમના વ્યક્તિત્વમાં ગજબ પ્રકારનું આકર્ષણ હોય, ઓરાનો પ્રભાવ હોય... આવા ગુણોને કારણે વ્યક્તિ આખા સમાજ કે દેશ ઉપર પોતાનો પ્રભાવ પાથરી મહાન બની શકે છે પણ ઈશ્વર તો નહીં જ. રામ અને કૃષ્ણમાં તો આપણે ઊંડા ઉતરતા નથી. કેમ કે તેમના વિશે મહાકાવ્યો મળે છે આખા સંસારે તેમને ઈશ્વર માનીને સ્વીકાર્યા છે. પરંતુ આજે ઈશ્વરના નામે અનેક ''બાબા, બાપુ, બાપા, સ્વામી, સંતો, સાધુઓ, ગુરુદેવો, મહાત્માઓ, ગુરુજીઓ, ફકીરો, મહારાજો... પ્રજાને ભ્રમિત કરે છે આમાંથી ઘણાના સંપ્રદાયો તો વિશ્વભરમાં ફેલાયેલા છે. કરોડોની નહીં પણ ખરબોની સંપતિ છે. પણ આપણા દેશની પ્રજા એટલી ભોળી છે કે એ કદી વિચારતી જ નથી કે આ બધા ''બાબા, બાપુ, બાપા, સ્વામી, સંતો, સાધુઓ, ગુરુદેવો, મહાત્માઓ, ગુરુજીઓ, ફકીરો, મહારાજો... ક્યાંય નોકરી કે ધંધે જતા નથી. કોઈ વ્યવસાય પણ નથી. સંસારની બધી મોહ માયા મૂકીને તો સાધુ સંત બન્યા હોય છે તો પછી લાખો રૂપિયાની ગાડીઓમાં કંઈ રીતે ફરે છે? માત્ર સૂકો મેવો ફળ ફૂટ્સ કેવી રીતે ખાય છે? વારંવાર વિદેશ પ્રવાસો કંઈ રીતે કરે છે? આટલા ભવ્યાતિભવ્ય આશ્રમો, કોઠીઓ, મંદિરો, મસ્જિદો કંઈ રીતે બાંધે છે? સરકાર આ કાર્ય માટે ગ્રાન્ટ પણ આપતી નથી. નથી ક્યાંયથી લોન લેતા. તો પછી આટલું બેસુમાર ધન આવે છે ક્યાંથી? આ પ્રશ્ન વિશે આપણે કદીયે વિચારતા જ નથી. કહેવાય છે કે દક્ષિણના એક વિશ્વ પ્રસિદ્ધ મંદિરની વાર્ષિક આવક એટલી બધી છે કે એનાથી આખો ભારત દેશ ચાલી શકે એમ છે. માત્ર એની માસિક આવક જ જો સરકારને આપવામાં આવે તો પણ આખા દેશના તમામ શિક્ષિત બેરોજગારોને નોકરી મળી શકે અને તમામને પૂરતો પગાર આપી શકાય. હવે આ મંદિરના પુજારીઓ કે પંડિતોનો આર્થિક વહિવટ એક દેશના વડાપ્રધાન કરતાય મોટો છે. આવા અનેક મંદિરો ભારતમાં છે. જેની માસિક નહી પણ રોજની આવક કરોડોમાં છે. સરકાર આવા માત્ર પાંચ જ મંદિરોની દર વર્ષે માત્ર એક જ મહિનાની આવક લે તો ય દેશમાંથી ગરીબી અને બેરોજગારીની સમસ્યાનો કાયમી ઉકેલ આવી શકે એમ છે. મને એ સમજાતું નથી કે સરકાર ઉદ્યોગપતિઓ, વેપારીઓ, નેતાઓ, ઓફિસરોને ત્યા દરોડા પાડે છે. પણ આ ધાર્મિક સ્થળોએ દરોડા કેમ નથી પાડતી? આ પંડિતો, બાબાઓ, બાપુઓ, ફકીરો, સાધુ – સંતોના આશ્રમોમાં, કુટિરોમાં, મંદિરો – મસ્જિદોમાં દરોડા કેમ નથી પાડતી? વળી આ બધાની આવકમાં કોઈ ઈન્ટમટેક્ષ પણ નહીં. જે સાવ મફતમાં બેઠા બેઠા નિર્જીવ પથ્થરની મૂર્તિઓ ઈશ્વરના નામે મૂકી દઈને, આવી મૂર્તિઓને હિરા ઝવેરાતોથી, સોના ચાંદીથી મઢીને આપણા પાસેથી રોજના કરોડો રૂપિયા દાનમાં મેળવે છે. જેને કોઈ ટેક્ષ નહી ભરવાનો અને જેઓ બિચારા દિવસ રાત મહેનત મજૂરી કરી કરીને વર્ષે માંડ પાંચ સાત લાખ રૂપિયા કમાતા હોય એમની પાસેથી પરાણે ટેક્ષ વસૂલાય છે. આવી સિસ્ટમને કારણે તો સમાજમાં આશારામ કે રામ રહિમ જેવા સામ્રાજ્યોનો જન્મ થાય છે.

જો કે હું તો વ્યક્તિગત રીતે આવા ''બાબા, બાપુ, બાપા, સ્વામી, સંતો, સાધુઓ, ગુરુદેવો, મહાત્માઓ, ગુરુજીઓ, ફકીરો, મહારાજોનો વાંક ગણતો જ નથી. વાંક બધો આપણો જ છે. અને થોડો સરકારનો. એક રીતે જોઈએ તો આ બધા ધર્મનો ધંધો કરે છે. પહેલાના યુગમાં આ બધી પ્રવૃતિ માટે બ્રાહ્મણોનો ઈજારો અને હક્ક હતો. પણ હવે તો જ્ઞાતિ – જાતિ જેવું કશું જ નથી રહ્યું. યુગોથી આ બધા જ બાબા બાપુ બિઝનેશમેનો પ્રજાના માનસમાં ઠસાવતા આવ્યા છે કે કમાણીનો દસમો ભાગ દાન ધર્મ અને સત્કર્મો માટે વાપરવા જોઈએ. આ વાત પણ સાચી જ છે પણ એ આવક આપણા ઘરની આસપાસ રહેતા ગરીબોના સંતાનોના શિક્ષણ માટે આપીએ કે પશુ પક્ષીઓ માટે વાપરીએ તો ઠીક છે પણ કોઈ મંદિર કે આશ્રમ કે મસ્જિદોમાં એ દાનની રકમ આપીએ છીએ ત્યારે ધર્મનું અને શ્રદ્ધાનું સંતુલન બગડે છે. આપણા પૈસે આ બધા ધર્મના ધંધાદારી ધૂરંધરો એશ આરામ કરે છે. લાખો કરોડોની જમીનો ખરીદીને – આશ્રમો બનાવીને અંદર શું ચાલતું હોય છે એ કોઈ જાણી શકતું નથી. અને આપણી પ્રજા એટલી મૂર્ખ છે કે સહેજ અમસ્તુ દુઃખ

અનુસંધાન પાના નં. ૭ પર

વિસરાતી વાનગી

જુવારનું કરિયારૂ

સામગ્રી :
૧ કપ જુવાર
૧ કપ દૂધ
૩/૪ કપ ખાંડ
૪ થી ૫ ટેબલ સ્પૂન ઘી
ડેકોરેશન માટે :
બદામ, કીસમીસ, કાજુ, ઈલાયચી, ગુલાબની પત્તી.

રીત :
જુવારને રાત્રે પાણીમાં ચારથી પાંચ મિનિટ પલાળવું. પાણીમાંથી કાઢી લેવું. પછી તેને કોરી કરવા માટે કપડામાં પહોળી કરી દેવી. આખી રાત કોરી થવા દેવી. સવારે મિક્ષરમાં ક્રશ કરી લેવું. છોડા કાઢી નાંખવા પછી તેને ઘીમાં ધીમા તાપે સાંતળવું. પાંચથી સાત મિનિટ સાંતળ્યા પછી ઊકળવા દેવું. ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળવું. પછી તેમાં એલચી પાવડર, કીસમીસ, કાજુ, બદામ, જાયફળ, પાવડર નાંખી ઊતારી લેવું. ઠંડુ પડે એટલે એક થાળીમાં ગુલાબની પત્તીનું લેયર કરવું અને મિશ્રણ ઠારી દેવું. ઉપર કાજુ, બદામની કતરણ ભભરાવવી અને પીસ પાડી દેવા.

ન્યુટ્રીશીયન વેલ્યુ :
૧ કપ
કેલરી - ૬૫૧ ગ્રામ
ફાઈબર - ૧૨ ગ્રામ
પ્રોટીન - ૨૧.૭ ગ્રામ
મેગ્નેશિયમ - ૩૧૬.૮ મિલિ ગ્રામ
ફોસ્ફરસ - ૫૫૧ મિલિ ગ્રામ
પોટેશિયમ - ૬૭૨ મિલિ ગ્રામ

દિવાળી : કલ ઔર આજ...!!!

રજળપાટ
અજય ઉપાધ્યાય

આજ દિવાળી...કાલ દિવાળી કરતા કરતા દિવાળી આવી પણ પહોચી. નવરાત્રી પૂરી થાય પછી દિવાળી આવતા બિલકુલ વાર નથી લાગતી...! હજુ તો નવરાત્રીના ગરબાનો થાક ઉતર્યો ના હોય ત્યાં રંગ...રોશની અને અવાજોનો આ તહેવાર આવી પહોચ્યો છે. લાઈફ ફાસ્ટ થઈ ગઈ છે અને ફાસ્ટ થઈ ગઈ છે તહેવારોની ઉજવણી...! તહેવારોમાં આધુનિકતા ભળતી થઈ ગઈ અથવા એમ કહો ને કે તહેવારો આધુનિક થતા ગયા એમ એમ તહેવારોનો અસલ ચાર્મ ધીરે ધીરે લુપ્ત થતો ગયો કે પછી ફિક્કો પડતો ગયો હોય એવું લાગે છે. તહેવારોનું આપણા જીવનમાં સ્થાન એક રીલેક્ષ પીરીયડ તરીકે ગણાવાયું છે, સતત દોડધામવાળી જિંદગી જીવતા વી ધ પીપલ માટે તહેવારોની ઉજવણી એ એક વેલકમ બ્રેક છે...એ એક એવો સમય છે જ્યાં આપણે ફરીથી આપણને રીચાર્જ કરી શકીએ છીએ...નવા ઉત્સાહ, નવા ઉમંગ અને નવી શક્તિ સાથે આપણે ફરીથી જિંદગીની જદ્દોજહેદ સામે લડવા તૈયાર થઈએ છીએ...!આમ તો શું છે કે દરેક તહેવારોના ધાર્મિક મહત્વની સાથે સાથે એનું સામજિક અને આર્થિક મહત્વ પણ સામે છે. તહેવારોની ગોઠવણી અને એની ઉજવણી જ એ પ્રકારે ગોઠવાઈ છે કે એમાં સામાજિક, આર્થિક અને ધાર્મિક માન્યતાઓ અને એનાથી સમાજ જીવન પર પડતી અસરો બરાબર સચવાઈ રહે છે. દરેક તહેવારોની જેમ જ દિવાળીના તહેવારો પર પણ આધુનિકતાની અસરો વ્યાપક છે જ. વીસ વર્ષ પહેલા કેરતા દસ વર્ષ પહેલાની ઉજવણી અને દસ વર્ષ પહેલા કરતા આજની ઉજવણી બદલાઈ છે. કેટલી અને ક્યાં ક્યાં? આવો નાખીએ એક નજર...!

શોપિંગ : પહેલા તો દિવાળીના મહિનાઓ અગાઉ દિવાળી પર શું શું ખરીદાશે એની યાદી બનીને પપ્પાના પોકેટમાં ગોઠવાઈ જતી. કઈ વસ્તુઓ લેવાશે અને ક્યાંથી એની પણ અગાઉથી તૈયારીઓ થઈ જતી અને એમાં મુખ્યત્વે તો કપડાની ખરીદી જ અગ્ર રહેતી. તહેવારો ટાણે સમયસર કપડા સીવી આપે એવા દરજીઓની બોલબાલા રહેતી.લાઈફ સંતોષી હતી ને આધુનીક્તાએ એટલો બધો અજગરભરડો લીધો નહોતો અને દિવાળીએ જ નવા કપડા પહેરવાનો વણલખ્યો ટ્રેન્ડ કે નિયમ હતો એવા સમયે દિવાળી કે બેસતા વર્ષે નવા કપડા પહેરીને યારો-દોસ્તો કે સગા-સંબંધીઓ આગળ રોફ પડવાની મજા હતી. આજે બધું ઓનલાઈન વેચાય છે અને લેવાય છે. ઓનલાઈન નહિ તો પણ વર્ષભર ઘર-સજાવટ, ઉપકરણો, કપડા વગેરે લેવાતું રહે છે. માઉસની ક્લિક પર મસમોટા ટીવીથી લઈને રેડીમેડ કપડાની ખરીદીએ દરજીની દુકાને કપડા સિવાયા કે નહિ એવી પૃચ્છા કરવા કરાતા આંટાફેરાની મજા છીનવી લીધી છે.હવે તો આખું વર્ષ ખરીદીઓ ચાલતી રહેતી હોય છે એવામાં સ્પેશિયલ બજારમાં જઈને ખરીદી કરવાનો ટ્રેન્ડ સાવ વિલુપ્ત તો નહિ પણ ઓછો થતો જાય છે. બેગમાં મુકેલા નવા કપડાની જોડ પર વારેવારે હાથ ફેરવવાની મજા અને ક્યારે દિવાળી કે બેસતું વર્ષ આવે અને ક્યારે એ નવી જોડ પહેરવા મળે એની આતુરતા આ ઓનલાઈન કે પછી વારંવાર લેવાતા નવા કપડાએ છીનવી લીધી છે. ઉત્સાહ ગાયબ થઇ ગયો છે, ઓપચારિકતા બચી છે. પછી છાપાવાળાઓ આવા જ હેડીંગ મારે જ ને કે 'દિવાળી આવી પણ બજારમાં હજુ રોનક નથી આવી.'

ફટાકડા : હમણાં જ સુપ્રીમ કોર્ટે દિલ્હી અને એનસીઆરમા ફટાકડા વેચવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે – વેચવા પર હો, ફોડવા પર નહિ. જો કે કોર્ટનું આવું કરવાનું કારણ ફટાકડાને લીધે દિલ્હીની હવામાં ભળતું અને ખતરનાક બનતું પ્રદુષણ છે પણ કોર્ટ માઈબાપની વાત એકબાજુ રાખીએ તો પણ હવે પહેલા જેવા ફટાકડા ક્યાં ફૂટે છે? પહેલા તો રીતસર રોકેટ અને બોમ્બ ફોડવાનું યુદ્ધ શરુ થઇ જતું. નાના બાળકો ફૂલઝર અને લવિંગીયા તો મોટાઓ કોઠી, રોકેટ અને લક્ષ્મી છાપ ટેટા ફોડવાની મજા ઘરના આંગણે શાંતિથી બેસીને લેતા. હવે ફટાકડા તો અવનવી વેરાઈટીમાં આવતા થયા છે પણ કોઈ પાસે શાંતિથી બેસીને ધીમે ધીમે ફૂટતા ફટાકડાઓ જોવાનો ટાઈમ નથી અને જો છે તો કાળઝાળ મોંઘવારીમાં ફટાકડાની ક્વોન્ટેટી ઓછી થતી જાય છે અને આમેય ફટાકડા ફોડવા એ શોખની વસ્તુ છે. મોટાભાગે તો પુખ્ત થઈ ગયેલા બાળકો હવે આ ધૂમધડામથી દુર જ રહે છે. અત્યારે ફટાકડા ફૂટે તો છે, અવાજ પણ બહુ કરે છે અને પ્રકાશ પણ મબલક ફેલાવે છે પણ પહેલા જેવી પપ્પાએ ભાઈઓ-બહેનો વચ્ચે ભાગ પાડેલા ફટાકડાઓના ઢગલાને સાચવી સાચવીને ફોડવાની મજા ક્યાં?

મીઠાઈ-ફરસાણ : દિવા